# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ગામેગામ હોળી પર્વની ઉમંગભેર ઉજવણી : "જેમ"ના પ્રસંગોથી હોલિકા દહન સ્થળો ગુંજ્યા

## કોરોનાનો ભય અને મોંઘવારીનો માર ભૂલી પ્રજાએ હોળી પર્વની રંગેચંગે ઉજવણી કરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭

રાક્ષસી શક્તિ ઉપર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે હોળી પર્વ. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગામે ગામ ઉમંગભેર સવારથી હોળી પર્વની ઉજવણી જિલ્લામાં હવે તો દિકરીઓ જન્મે તો પણ કેટલાક પરિવારો જેમ ની ઉજવણી કરે છે જેના કારણે જેમ ના પ્રસંગોથી સવારમાં ઠેક ઠેકાણે ભોજન સમારંભો આયોજીત થયા હતા અને પુત્ર કે પુત્રી રત્નને હોળી



માતાએ પગે લગાડવાની હતી તેવા પરિવારજનોએ પોતાના રહેઠાણ સ્થળેથી હોલિકા દહન સ્થળે સ્નેહી સબંધીઓના સથવારે ઢોલ-નગારા સાથે આવી પહોંચ્યા ત્યારે વાતાવરણમાં એક નવી જ ગુંજ જોવા મળી હતી.

કરાઈ હતી. રાત્રે ૯ કલાક પછી ગ્રામજનોએ નિયત કરેલ સ્થળ ઉપર વૈદીક પૂજન વિધિ પૂર્ણ કર્યા પછી શુભ મૂહુર્તમાં હોલિકા દહન કરાયું ત્યારે હોળી માતાની જયના જયજય ઘોષ સાથે વાતાવરણ પવિત્ર બની ગયું હતું. છેલ્લા બે વર્ષથી કોરોનાનો ભય અને હાવી થયેલ અસહ્ય મોંઘવારીનો માર અનુભવતી પ્રજાએ હોળી પર્વને આડે ક્યાંય મોંઘવારીને ફરકવા દીધી ન હોય તેમ નવા વસ્ત્રો પરીધાન કરી હોળી પર્વની ઉજવણી કરવાનું જાણવા મળેલ છે.

અધર્મ ઉપર ધર્મના વિજય સમા હોળી પર્વનું જિલ્લામાં મહત્વ આધુનિક યુગમાં પણ અકબંધ જળવાયું હોવાથી તા.૨૬ના રોજ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં હોલિકા દહન કરી પર્વ આસ્થાપૂર્વક ઉજવાયું હતું. જિલ્લામાં હૂંતાસણીના દિવસે સવારથી જ પ્રજામાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને સાંજે શુભમૂહુર્તમાં નિર્ધારીત જગ્યાએ હોલિકા દહનના કાર્યક્રમો યોજાતાં હોલિકા દહન સ્થળોએ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં કેટલાક સ્થળોએ વર્ષોની પરંપરા મુજબ હોળીની જારની દિશાના આધારે આગામી ચોમાસાના વર્તારા ભાખવામાં આવ્યા હતા. જ્યારે હોળીના પર્વમાં બાળકોના જેમ નું પણ ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ્સુ મહત્વ હોવાથી અનેક પરિવારોમાં હોળી નિમિત્તે જેમ પ્રસંગના આયોજન થયા હતા અને જે ઘેર જેમ પ્રસંગ ઉજવાયો હોય તે ઘરના બાળકને વાજતે ગાજતે હોળીના દર્શને લઈ જવાતાં હોલિકા દહન સ્થળોએ શ્રદ્ધાનો સાગર ઉમટ્યો હતો. જ્યારે હોળી પ્રગટાવ્યા પછી અનેક શ્રદ્ધાળુઓએ જલધારા વડે હોળીની પ્રદક્ષિણા કરી હતી અને પોતે તથા પોતાના પરિવાર માટે હોળી સમક્ષ શુભકામનાઓ માગીને પ્રજવલિત હોળીની જવાળાઓમાં ધાણી, ચણા, ખજૂરની આહૂતિ આપી હતી. જિલ્લામાં હોળી પર્વનું આદિવાસી વિસ્તારોમાં પણ એક આગવું મહત્વ હોવાથી અંતરીયાળ વિસ્તારોમાં બુગીયા ઢોલના તાલે આદિવાસી ભાઈ-બહેનોએ હોળીનું પર્વ ભારે ઉત્સાહપૂર્વક મનાવ્યું હતું. જિલ્લામાં દિપાવલીની જેમ હોળીની શુભકામનાઓ આપવાનો પણ એક નવો ક્રેઝ શરૂ થયો હોવાથી મોબાઈલ ધારકોએ એસ.એમ.એસ. દ્વારા મિત્રો તથા સગા-સબંધીઓને હોળીની શુભકામનાઓ પાઠવી હતી. જિલ્લામાં ભૂતકાળના વર્ષોમાં હોળીના પર્વ સમયે જ અગાઉની અદાવતો બહાર આવતી હોવાથી કેટલાક વિસ્તારોમાં માટે હોળીના તહેવારો કલૂશિત બની રહેતા હતા જો કે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા પોલીસ વડા દ્વારા હોલિકા દહન સ્થળોએ પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત ઉભો કરાતાં ક્યાંય પણ અનિચ્છનિય બનાવ નોંધાયો ન હતો. જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં શુભ મૂહુર્તમાં હોળી પ્રગટાવાતાં નાના બાળકો તથા મોટેરાઓએ પણ હોળી માતાનો જય જયકાર કરી મનોકામના પૂર્ણ કરવાની સાથે શરીર સ્વસ્થ્ય રહે તેવી પ્રાર્થના હોળી માતા સમક્ષ વ્યક્ત કરી હતી.

## સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આજે રંગ પર્વ ધૂળેટીની ઉજવણી : ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો

બાયડ, તા.૨૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં હોળી પર્વની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી થયા પછી આજે તા.૧૮ માર્ચ, શુક્રવારે રંગોના પર્વ ધૂળેટીની કલરફૂલ ઉજવણી થનારી છે. જિલ્લામાં હોળીની જેમ ધૂળેટીના પર્વનો પણ નોખો અંદાજ હોવાથી ઘેરૈયાઓએ અગાઉથી જ આજે કોને કલરથી રંગી નાખવા છે તે અંગેની તૈયારીઓ કરી મનગમતા કલરની ખરીદી કર્યાનું જાણવા મળેલ છે. જ્યારે બાળકોને મન હોળી કરતાં ધૂળેટીનું મહત્વ હોવાથી અગાઉથી જ બાળકોએ પીચકારી અને કલરની ખરીદી કરી લીધી છે. જિલ્લામાં સવારથી જ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ધૂળેટી પર્વની ઉજવણી થનારી છે અને બપોરથી સાંજ સુધી ધૂળેટીનો ઉમંગ તેની ચરમસીમાએ પહોંચી જશે. જિલ્લામાં છેલ્લા કેટલાક વર્ષોથી રમાતી ધૂળેટીમાં નિર્દોષતા ઘટી રહી છે અને ઈરાદાપૂર્વકની છેડતીનું પ્રમાણ વધતાં ખાસ કરીને મહિલાઓ ધૂળેટીના પર્વથી દૂર જ રહેતી હોય છે અને અગાઉ આજ કારણોસર જિલ્લામાં અનિચ્છનિય બનાવો પણ નોંધાયા હોવાથી આજે ઉજવાનારા ધૂળેટીના પર્વમાં કોઈપણ અનિચ્છનિય ઘટના ન નોંધાય તે હેતુસર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા પોલીસનો ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે.

## પ્રાંતિજ ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઇ



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પોલીસ સ્ટેશનમાં હોળી-ધૂળેટી ને લઈને પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીએસઆઇ વાય.બી.બારોટ દ્વારા શાંતિ સમિતિ ની બેઠક નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નગર ના અગ્રણીઓ વેપારીઓ વિવિધ કોમના આગેવાનો સહિત હિન્દુ મુસ્લિમ આગેવાનોની બેઠક યોજાઇ. પ્રાંતિજ ખાતે દરવર્ષ ની જેમ આવર્ષે પણ હોળી-ધૂળેટી ના તહેવાર ને લઈ ને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ વાય.બી.બારોટ ની અધ્યક્ષતામા શાન્તિ સમિતિ ની બેઠક પોલીસ સ્ટેશન ખાતે યોજાઈ હતી જેમાં સુરેશભાઈ પટેલ , સંજયભાઈ પટેલ, હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ, રાણા વકીલ , સફીભાઈ , નયનભાઈ શાહ, મનોજ ભાઈ મોદી સહિત વેપારીઓ તથા હિન્દુ મુસ્લીમ આગેવાનો સહિત લોકો ઉપસ્થિત રહ્યા હતા અને શાન્તિ અને એક્તા જળવાઈ તે માટે ની પ્રાર્થના કરી હતી જ્યારે આવનાર હોળી-ધૂળેટી નો તહેવાર શાન્તી અને સલામત રીતે ઉજવાય તે માટે ઉપસ્થિત સોવકોઈ દ્વારા ખાતરી આપી હતી.

## ઘાંચી હાઈસ્કુલ મોડાસામાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

ધી.એમ.આર.ટી. સી. ઘાંચી હાઈસ્કુલ મોડાસા ખાતે ધો.૧૦ ના વિદ્યાર્થીઓનું વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો તેમાં સંસ્થાના પ્રમુખ સિકંદરભાઈ સુથાર (રાજાબાબુ), સેક્રેટરી




મો.હનીફભાઈ સીધવા, ઉપપ્રમુખ અ.રજ્જાકભાઈ ખાનજી, જૉ.સેક્રેટરી આરીફભાઈ (ભાણીયાભાઈ) ગુજરાતી અને શિ.સમિતિ ચેરમેન સઈદ અહેમદ ભુરા તથા શિ.સમિતિ સભ્ય રહીમભાઈ બાંડી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત તિલાવત શાળાના શિક્ષક અ.કાદીર ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. મંડળના સભ્યો અને શાળાના શિક્ષકો દ્વારા ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને સારું પરિણામ મેળવી ભવિષ્યમાં સારા હોદ્દા ઉપર બિરાજમાન થઈ ઘાંચી હાઈસ્કૂલનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય ઈર્શાદ હુસેન કાજી અને કન્વીનર રીયાજભાઈ બાયડીયા, હબીબુરરહેમાન એફ. શેખ અને સોહીલ મલેક ની દોરવણી હેઠળ કરવામાં આવ્યું હતું. એનાઉન્સર તરીકે શાળાની શિક્ષિકા મુસ્તકીમાબેન લીમડાએ જવાબદારી નિભાવી હતી. તમામ મહેમાનોનું શબ્દોથી સ્વાગત શાળાની શિક્ષિકાઓ શબનમબેન ઈપ્રોલીયા અને આભાર સાહેબાનબેન સાબલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાનો તમામ સ્ટાફ પણ હાજર રહ્યો હતો.

## ધનસુરાની નવલપુર પ્રાથમિક શાળાના શિક્ષકનું ઈનોવેશન ફેસ્ટિવલ માં સન્માન

શિક્ષણ વિભાગ અને જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત રાજ્ય કક્ષાનો સાતમો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૧-૨૨ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર ખાતે તા. ૧૩-૦૩-૨૦૨૨ થી ૧૫-૦૩-૨૦૨૨ દરમિયાન યોજાયો હતો. અરવલ્લી જિલ્લાના ઈનોવેશનના કિ.રિસોર્સ.પર્સનની ભૂમિકા નિભાવવા બદલ નવલપુર પ્રાથમિક શાળાના ઈનોવેટિવ ટીચર કૌશલ હેમંતકુમાર વ્યાસને ડાયટ ઈડર પ્રચાર્ય કે.ટી



પોરણિયા,ડો સંજયભાઈ ત્રિવેદી (રીડર જીસીઈઆરટી), ડૉ નિષાદ ઓઝા (ડી.આઈ.સી.કો. ઈડર ડાયટ ) એન. ડી. પટેલ (સિની. લે. મોડાસા ડાયટ ) ની ઉપસ્થિતિમાં પ્રમાણપત્ર અને શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.નવલપુર પ્રા.શાળાના શિક્ષકને રાજ્યકક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલમાં સન્માનિત કરી બહુમાન કરવા બદલ ધનસુરા ટી.પી.ઈ.ઓ, કે.ની શ્રી, બી.આર.સી,સી.આર.સી, એસ.એમ.સી સદસ્યો, શાળાના આચાર્ય અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

## ઈડરના કાનપુર ગામમાં આંજણા ચૌધરી સમાજની બેઠક યોજાઈ



સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના કાનપુર ગામમાં આંજણા ચૌધરી સમાજની બેઠક તા.૧૩,૦૩,૨૦૨૨ ને રવિવારના રોજ યોજાઈ હતી.બાયોટેક કંપની ના માલિક દાનવીર દાતા બાબુભાઈ વીરાભાઈ પટેલ (ગાંઠીયોલવાળા)એ તેઓના માતૃશ્રી સ્વ. દિવાબા અને પિતાશ્રી સ્વ. વીરા-કાકા ના સ્મરણાર્થે સમાજ વાડી માટે ? ૧૧ લાખનું માતબર દાન આપવાની જાહેરાત કરતા આનંદની લાગણી પ્રસરી હતી.અધ્યક્ષ શેઠ શ્રી હરિભાઈ ચૌધરી,મંડળના પ્રમુખ જશુભાઈ જે.પટેલ,મા.મંત્રી કેશુભાઈ પી.પટેલ સહિત હોદેદારોએ દાનવીર દાતા બી.વી.પટેલ પરીવારને બિરદાવ્યા હતા.

## પ્રાંતિજ કાપડ એન્ડ રેડીમેઈડ એસોસિયેશનના હોદેદાર વરાયા

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ કાપડ એન્ડ રેડીમેઈડ એસોસિયેશન ના પ્રમુખ મંત્રી સહિત ના હોદેદારો ની સર્વાનુમતે વરણી કરવામા આવી તાજેતરમાં પ્રાંતિજ કલોથ એન્ડ રેડીમેઈડ મરચન્ટ એસોસિયેશનની કારોબારી મીટીંગ મળી હતી. જેમાં એસોસિયેશનના પ્રમુખ ભરતભાઈ આર. શાહના નિધનથી ખાલી પડેલ પ્રમુખપદે નવા પ્રમુખ તરીકે અશોકભાઈ ચંદુલાલ ભાવસારની વરણી કરવામાં આવી હતી જયારે અન્ય હોદેદારોમાં ઉપપ્રમુખપદે રાજુભાઈ ચંદુલાલ શાહ, મંત્રી- સંદિપકુમાર સુરેશભાઈ શાહ, સહમંત્રી-રાજુભાઈ રજનીકાન્ત શાહ તેમજ ખજાનચીપદે રમેશભાઈ ડાહ્યાલાલ ભાવસારની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## બાયડ તાલુકાની સરસ્વતી વિદ્યાલય રમાસ ખાતે વાર્ષિક ઉત્સવ યોજાયો

### આ કાર્યક્રમ રાજ્યના મંત્રી ગજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો



ધનસુરા, તા. ૧૭

બાયડ તાલુકાની સરસ્વતી વિદ્યાલય રમાસ ખાતે દ્વિતીય વાર્ષિક ઉત્સવ યોજાયો હતો આ કાર્યક્રમ રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં ગુજરાત રાજ્ય પ્રદેશ કારોબારી સમિતિના સભ્ય તેમજ પૂર્વ અરવલ્લી જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતસિંહજી રહેવર, શ્રી ડી.એન. પટેલ ,(બિલ્ડર્શ્રી) અમૂલ મિલ્ક ફેડરેશનના ચેરમેન તેમજ સાબરડેરીના ચેરમેન શામળભાઈ પટેલ, જીજ્ઞેશભાઈ પટેલ, અમદાવાદ રાજેશ્વરીબેન પટેલ, અમદાવાદ, સંજયભાઈ કે પટેલ (હાલ અમદાવાદ) પુંસરી, અરવલ્લી જિલ્લાના નવનિયુક્ત જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જયેશભાઈ પટેલ, વિષ્ણુપ્રસાદ ઝાલા, માનસિંહ સોઢા પરમાર, રવિભાઈ વલ્લભદાસ પટેલ(રડોદરા), અશોક સિંહ ઝાલા, રમેશભાઈ કે. પટેલ,ગણપત સિંહ ઝાલા, જગદીશભાઈ પટેલ તથા હિતેન્દ્ર સિંહ ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.મહેમાનો દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન શાળાના છ જેટલા વિદ્યાર્થીઓ ગણિત વિજ્ઞાન પ્રદર્શન તેમજ નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસમાં રાજ્ય કક્ષાએ મેળવેલ પ્રસિદ્ધ બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.તેમજ છેલ્લા બે વર્ષ દરમિયાન શાળાના દાતાઓનું પણ મહેમાનો ના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.શાળાના વિદ્યાર્થીઓ એ ખૂબ સુંદર રીતે ૨૧ જેટલા સાંસ્કૃતિક કાર્યક્રમો કર્યા હતા ગ્રામ્ય વિસ્તારમાં આવી સુંદર પ્રવૃત્તિઓ અને કાર્યક્રમને બિરદાવતા સમારંભના અધ્યક્ષ શ્રી ગજેન્દ્રસિંહ પરમાર તેમજ ભરતસિંહ સોલંકી અને અરવલ્લી જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી જયેશભાઈ એસ.પટેલ એ શાળા પરિવાર અને શાળાને એક સુંદર આયામ આપી શાળાનું નામ તાલુકા જિલ્લા અને રાજ્યકક્ષાએ ગુંજતું કરનાર શાળાના પ્રિન્સીપાલ ઉન્મેશ.બી.પટેલના ખૂબ વખાણ કર્યા હતા તેમજ અભિનંદન પાઠવ્યા હતા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળા પરિવારના સૌ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો, સૌ શિક્ષક મિત્રો બિનશૈક્ષણિક સ્ટાફ તેમજ નવયુવક મંડળ પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ સૌ કારોબારી સભ્યશ્રીઓ તેમજ દેવાંગ.એ.પટેલ દ્વારા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી.

## બનાસકાંઠાના ડીસા તાલુકાના રામસણ ગામમાં નથી ઉજવાતી હોળી

પાલનપુર તા. ૧૭

રામસણ ગામમાં છેલ્લા ૨૦૦ વર્ષથી વધુ સમયથી હોલિકા દહનનો કાર્યક્રમ રાખવામાં આવતો નથી. પૂર્વજો દ્વારા જ હોલિકા દહન ગામમાં થતું ન હોઈ અત્યારે આધુનિક સમયમાં પણ ગામમાં હોળી પ્રગટાવવામાં આવતી નથી. વર્ષો જુની પોતાની પરંપરા રામસણ ગામમાં આજે પણ અકબંધ છે. બનાસકાંઠાના ડીસા તાલુકામાં આવેલું રામસણ ગામ આ વિસ્તારમાં પ્રચલિત છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, હોળી હિન્દુઓનો પવિત્ર તહેવાર છે. ગામમાં રામેશ્વર મહાદેવના પૂજારી રમેશભારથીએ જણાવ્યું હતું કે રામસણ ગામમાં અનેક લોકવાયકાઓના કારણે વર્ષોથી ચાલી આવતી પરંપરાને આજદિન સુધી તોડવામાં આવી નથી. જેના કારણે ગામના લોકો હોળી પ્રગટાવતા નથી. વર્ષો પહેલા હોળી પ્રગટાવવા થી રામસણ ગામમાં બે વખત આગ લાગી હતી. જે બાદ ગામમાં ક્યારે પણ હોળી પ્રગટાવવામાં આવી નથી. પૂર્વજો દ્વારા ચાલી આવતી આ પરંપરાને આજે પણ ૨૧ મી સદીમાં પણ અકબંધ રાખવામાં આવી છે. રામસણ ગામના સરપંચ રમેશસિંહ દરબારે જણાવ્યું હતું કે 'છેલ્લા કેટલાય વર્ષોથી હોળીની ઉજવણી હોલિકા દહનનો કાર્યક્રમ કરતા નથી. ગામમાં એક જગ્યા પર છાણાનો ધુવો કરી નવજાત શિશુઓને તેની ફરતે ફેરવવામાં આવે છે. વર્ષોથી ચાલી આવતી પરંપરાને અમે આજે તોડી નથી. આજે પણ ગામમાં હોલિકા દહનનો કાર્યક્રમ થતો નથી.

## ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે મોકડ્રીલનું આયોજન કરાયું

ધનસુરા, તા.૧૭

ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે મોકડ્રીલ નું આયોજન કરવામાં આવ્યું હતું.જવાહર નવોદય વિદ્યાલય ધનસુરા ખાતે એક મોકડ્રીલ નું આયોજન કરવામાં આવેલ જેમાં આગ લાગે ત્યારે શું કરવું ભૂકંપ આવે ત્યારે શું કરવું તેનું ડેમોસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર શ્રી



જીગર મકવાણા ડીસ્ટ્રીક ફાયર ઓફિસ તરફથી શ્રી નિકુંજ પટેલ અને ઈરફાન પટેલ હાજર રહ્યા હતા જેમણે બાળકોને સરસ રીતે માર્ગદર્શન આપીને કોઈપણ પ્રકારનો ડિઝાસ્ટર થાય આગ લાગે ભૂકંપ થાય ત્યારે શું કરવું તેનું માર્ગદર્શન આપ્યું હતું આ કાર્યક્રમમાં શાળાના એન.સી.સીના વિદ્યાર્થી સ્કાઉટ ના વિદ્યાર્થી અને બધા જ બાળકોએ માર્ગદર્શન લીધું હતું આ કાર્યક્રમમાં શાળા તરફથી આચાર્ય પ્રવીણ ક્રિષ્નન જાની સાહેબ પૃથ્વીરાજ મીણા અંજલી મેડમ અને અનુ હુડા મેડમ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી હતી બાળકોએ પણ ફાયર ફાઈટર દ્વારા આગ કેમ બંધ કરવી એ નું ડેમોસ્ટ્રેશન કર્યું હતું

## સાબરકાંઠા નું ગૌરવ

હિંમતનગરના ડો. નિમિષાબેન ગોર અને ડો. વિજયભાઈ ગોર ની સુપુત્રી સલોની ગોર હાલમાં એમ.બી.બી.એસના તૃતીય વર્ષમાં મેડિકલ



કોલેજ ગાંધીનગર માં અભ્યાસ કરે છે .હાલમાં એમ.બી.બી.એસના બીજા વર્ષનું પરિણામ જાહેર થયેલું છે. ૭૬ ટકા સાથે મેડિકલ કોલેજ,ગાંધીનગર માં પ્રથમ સ્થાન મેળવ્યું છે તથા ગુજરાત યુનિવર્સિટીમાં પણ રેંક મેળવ્યો છે. ગયા વર્ષે પણ પ્રથમ નંબર મેળવ્યો હતો. તેને સમગ્ર બ્રહ્મસમાજ નું અને સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.તેના મોટાભાઈ ડો.ચારુદત્ત ગોર હાલમાં ઈડર મુકામે ફીઝીશીયન તરીકે સેવાઓ આપે છે તેઓ એમ.ડી થયેલા છે. બંને ભાઈ-બહેન શ્રી હિંમત હાઈસ્કુલ,હિંમતનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ છે. તેમને શાળા પરિવાર વતી થી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.



તક્ષશિલા વિદ્યાલય, બાયડ માં હોળી મહોત્સવ નીઊજવણી કરવામા આવી. બે વર્ષના શૂન્યાવકાશ પછી પ્રથમ વખત એક સાથે ૧૬૦૦ વિધાર્થી ઓ દ્વારા આંગણમાં આનંદ અને ઉત્સાહ વધામણા થયા. મેનેજમેન્ટનું માનવું છે કે શિક્ષણમાં શિસ્તને અગત્યતા છે શિસ્ત માટે સજા નહીં સ્નેહ જરૂરી છે અને આ સ્નેહ બ્લેક બોર્ડ ઉપર કે વર્ગખંડની પાટલી ઉપર નહીં આપી શકાય તેના માટે સાંસ્કૃતિક હોલ અથવા મેદાન ઉપર જવું પડશે પ્રવાસમાં જવું પડશે પ્રત્યેક પ્રસંગને ઉત્સવમાં બદલવો પડશે આ માટે દરેક વિભાગમાં થતાં અનન્ય પ્રયાસોને મેનેજમેન્ટ દ્વારા આવકારવામાં આવ્યા. બૌદ્ધિક અને કુશળ વ્યવસ્થાપન ને ધન્યવાદ પાઠવ્યા. પ્રસંગને સફળ બનાવવા માટે પુનઃ સૌ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા.

**રક્તદાન મહાદાન**

## પ્રાંતિજ સેવા મંડળ સંચાલિત અસ્થી બેંક દ્વારા અસ્થીઓનું વિસર્જન કરવામાં આવશે

પ્રાંતિજ તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત અસ્થી બેંક માં વર્ષ દરમ્યાન જમા થયેલ ૭૦ અસ્થીઓનુ બનારસ ખાતે વિસર્જન કરવામાં આવશે પ્રાંતિજ અંતિમ ધામ ખાતે આવેલ પ્રાંતિજ



સેવા મંડળ સંચાલિત કાર્યરત અસ્થીબેક માં દર વર્ષ ની જેમ આ વર્ષે પણ અસ્થીબેંક ના સભ્યો દ્વારા વર્ષ દરમ્યાન અસ્થીબેંક માં જમા થયેલ અસ્થીઓની ગણતરી કરવામાં આવી હતી તો આ વર્ષે ૭૦ અસ્થીઓ અસ્થીબેંક માં જમા થઈ હતી તો અસ્થી બેંક માં જમા થયેલ ૭૦ અસ્થીઓનું આ વર્ષે બનારસ ખાતે વિસર્જન કરવામાં આવશે જયારે પ્રાંતિજ સેવા મંડળ સંચાલિત અસ્થીબેંક ના સભ્યો દ્વારા પોતાના સહ ખર્ચે બનારસ ખાતે જઈ ને અસ્થીબેંક મા જમા થયેલ અસ્થીઓનુ વિસર્જન કરવામા આવશે તો તારીખ ૧૯।૩।૨૦૨૨ ના રોજ બનારસ ખાતે અસ્થીઓનુ વિસર્જન કરવામા આવશે જેમા નટુભાઈ બારોટ તથા તેમના ધર્મ પત્ની હસાબેન બારોટ તથા તેમના સગા આર કે રાજન તથા નીરૂબેન રાજન બનારસ ખાતે જઈ ને અસ્થીઓનુ વિસર્જન કરશે જયારે અસ્થીબેંક ના સભ્યો નટુભાઈ બારોટ , મહેશભાઈ પંડયા , મહેશભાઈ કડીયા, મીઠુભાઈ બ્રહ્મભટ્ટ , અરવિંદભાઈ ગોહિલ સહિત ના સભ્યો દ્વારા આજે ઉપસ્થિત રહી ને અસ્થીબેંક મા જમા થયેલ અસ્થીઓ ની ગણતરી કરવામા આવી હતી તો પ્રાંતિજ ખાતે છેલ્લા અગિયાર વર્ષ થી અસ્થીબેંક કાર્યરત છે અને પ્રાંતિજ સેવા મંડળ સંચાલિત અસ્થી બેંક દ્વારા અત્યાર સુધીમાં ૧૧૦૦ થી પણ વધારે જમાં થયેલ અસ્થીઓનુ વિસર્જન કરવામા આવ્યુ છે

## જન્મદિને વધામણી



સ્મિત નરેન્દ્ર ભાઈ ચૌધરી
અર્બુદા ડેકોરેશન
આકરુદ તાલુકો ધનસુરા




જતીન ઈશ્વરભાઈ પટેલ
બાયડ ગામ જીલ્લો
અરવલ્લી



નૈતિક મેહુલકુમાર
ભાટિયા,
દધાલિયા, તા.મોડાસા



હિરેન પટેલ
બાંધકામ સમિતિ ચેરમેન,
અરવલ્લી જિલ્લા પંચાયત
ધનસુરા



સુરેશભાઈ ગજ્જર
ધનસુરા



મહેશકુમાર શર્મા,
ક્રિષ્ણા ટીમ્બર, બાયડ



વિપુલભાઈ જશુભાઇ પટેલ
સી.આર.સી.કો-
ઓર્ડીનેટર
ગાંધીનગર ,બાયડ

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧